| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૦૬ | ૦૯ | ૨૦૨૧ |
| દાખલ તારીખ : | ૦૬ | ૦૯ | ૨૦૨૧ |
| ફેસલ તારીખ : | ૦૧ | ૧૧ | ૨૦૨૨ |
| અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | ૨૫ | ૦૧ | ૦૧ |

## મે. જુનાગઢ મજુર અદાલતના વર્કમેન કોમ્પેન્સેશન કમિશ્નરશ્રી સમક્ષ,

**વ.કો.(ફેટલ) અરજી નં.૭/૨૦૨૧**

**આંક: ૬૯**

**અરજદારો :–** ગુજરનાર રામભાઈ બાબુભાઈ કરમટા
ઉ.વ.૨૮, (જન્મ તા.૬/૧૦/૯૩) ધંધો : ડ્રાઈવીંગ સાથે
કલીનરના વારસદારો તથા આશ્રીતો :

**૧)** વેજીબેન રામાભાઈ કરમટા, (પત્ની)
ઉ.વ.આ. ૩૪, ધંધો–ઘરકામ,

**૨)** સગીર રીશાબેન રામાભાઈ કરમટા (પુત્રી)
ઉ.વ.આ. ૨ (માસ), ધંધો–કાંઈ નહી,

**૩)** લક્ષ્મીબેન બાબુભાઈ કરમટા (માતા)
ઉ.વ.આ. ૫૧, ધર્મે–હીન્દુ, ધંધો–મજુરી,

અરજદાર નં.૨ સગીર હોય, જેમના વાલી તથા માતા દરજ્જે
અરજદાર નં.૧ વેજીબેન રામાભાઈ કરમટા.
તમામ. શાપુર, ઠે. ગામ વિસ્તાર, રબારી ફળીયા,
તા. માંગરોળ, જી.જુનાગઢ.

**વિરુધ્ધ**

**સામાવાળાઓ :–** ટાટા એલ.પી.ડી.–૨૯૧૮ ટ્રક બોગી નં.જીજે.૧૧.વીવી.૭૭૦૭ ના :

**(૧) માલીક :** સેજાદભાઈ અહમદભાઈ ઈસબાની
ઉ.વ. પુખ્ત, ધંધો: ટ્રક ઓનર્સ,
રહે. માંગરોળ, નાગદારોડ,
બુલાખી સોસાયટી, મકતુપુર ગેઈટ પાસે,
તા. માંગરોળ, જી.જુનાગઢ.

**(૨) વીમા કંપની :** પ્રતિશ્રી ડીવીઝનલ મેનેજર સાહેબ,
રીલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ કું. લીમીટેડ,
લીગલ ડીપાર્ટમેન્ટ,ચોથો માળ, એજોય બીલ્ડીંગ,
એચ.ડી.એફ.સી. હાઉસ સામે, મીઠાખળી સર્કલ,
નવરંગપુરા, અમદાવાદ.

**બાબત:** કામદાર વળતર ધારા અધિનિયમ હેઠળ વળતર અરજી.

| | | |
|---|---|---|
| અરજદારો તરફે | : | વિ. વકીલ શ્રી વી. ડી. ડાભી. |
| સામાવાળા નં.(૧) તરફે | : | ગેરહાજર. |
| સામાવાળા નં.(૨) તરફે | : | વિ. વકીલ શ્રી પી. એમ. હીરપરા. |

**–:: ચુકા દો ::–**

(૧) અરજદારોએ હાલની અરજી કામદાર વળતર અધિનિયમ હેઠળ વળતર મેળવવા કરેલ છે. જેની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદારો જુનાગઢ જીલ્લાના માંગરોળ તાલુકાના શાપુર ગામમાં રબારી ફળીમાં રહે છે. ગુજરનાર રામભાઈ બાબુભાઈ કરમટાના તેઓ અરજદાર નં.૧ વિધવા પત્ની છે. અરજદાર નં.ર પુત્રી છે અને અરજદાર નં.૩ ગુજરનાર ના માતા છે. આ સિવાય કોઈ વારસદારો નથી. વધુમાં ગુજરનાર રામભાઈ બાબુભાઈ કરમટાની અકસ્માત સમયે ઉંમર ર૮ વર્ષની હતી. તેમની જન્મ તા.૬/૧૦/૧૯૯૩ હતી. જન્મના આધાર અંગે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ તથા આધાર કાર્ડની નકલો રજુ કરેલ છે. તેઓ સામાવાળા નં૧ને ત્યાં ડ્રાઈવર તથા કલીનર તરીકે નોકરી કરી માસીક રૂા.૧૫,૦૦૦/– અંકે રૂપિયા પંદર હજારના પગારથી નોકરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પગાર અંગેનો દાખલો ચાલતા કામે રજુ કરશે. વધુમાં તા.૩/૫/૨૦૨૧ ના રોજ ગુજરનાર રામભાઈ બાબુભાઈ કરમટા સામાવાળા નં.૧ ટ્રક નં.જીજે.૧૧.વીવી.૭૭૦૭ માં વેરાવળ બંદર ઉપરથી સુકી મચ્છીઓની બોરીઓ ભરીને કેરળ રાજયમાં નાખવા માટે જતા હતા ત્યારે તેમની સાથે શાપુરના હિરાભાઈ ચાવડા તથા ગોવિંદભાઈ બી. કરમટા પણ ડ્રાઈવર તરીકે સાથે હતા. ત્યારે તા.૫/૫/૨૦૨૧ ના રોજ રાત્રીના ૯–૩૦ કલાકે કર્ણાટક રાજયના આંકોલા જીલ્લાના કુંમટા તાલુકાના કુંડીકલી ગામના નેશનલ હાઈવે નં.૬૬ રોડ ઉપરથી ગુજરનાર રામભાઈ બાબુભાઈ કરમટા તેમની સાઈડમાં ધીમી તથા મકકમ ગતીથી તેમની સાઈડમાં ચલાવીને જતા હતા ત્યારે કુમટા પોલીસ સ્ટેશનમાં ૧૦ કિ.મી. દુર પહોંચ્યા ત્યારે ટ્રકમાં અચાનક સ્ટીયરીંગ ની નીચે આવેલ પટલરમાં રહેલ નટબોલ છુટો થઈ જતા પટલર તુટી જતા તથા યાંત્રીક ખામી સર્જાવાના કારણે ગુજરનાર સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવતા તેમનો ટ્રક ડીવાયડર

સાથે અથડાઈને રોડ ઉપર પલ્ટી મારી જતા ગુજરનાર ટ્રકની નીચે દબાઈ જતા તેમના જમણા પગનો અંગુઠો કપાઈ ગયેલ તેમજ ડાબા પગની ઘુટીમાં ફ્રેકચર તેમજ તેમના ગુપ્તાંગના ભાગે ઈજા તથા કમરની ડાબી બાજુ સંપુર્ણ કચડાઈ જતા અને હાડકા અને માસ પૈસીઓ બહાર આવી જતા ગુજરનાર રામભાઈ કરમટાનું સ્થળ ઉપર જ મૃત્યુ નીપજેલ તથા તેની સાથેના અન્ય કલીનર ડ્રાઈવરને સામાન્ય ઈજાઓ થયેલ. ગુજરનાર રામભાઈનુ કુમટાની સરકારી હોસ્પીટલમાં પોસ્ટ મોર્ટમ કરવામાં આવેલ તેમજ આ ગુનાની નોંધ કુમટા પોલીસ સ્ટેશનના ગુના રજી. નં.૦૦૯૯/૨૦૨૧ થી તા.૫/૫/૨૦૨૧ ના રોજ રાત્રીના ૧૧–૩૦ કલાકે નોંધવામાં આવેલ છે. વધુમાં આ અકસ્માત તા.૫/૫/૨૦૨૧ નારોજ ગુજરનાર રામભાઈ કરમટા સામા.નં.૧ ને ત્યાં ડ્રાઈવર–કમ–કલીનર (એમ્પ્લોઈ) કામદાર તરીકે તેની ફરજ ઉપર હતા અને ફરજ દરમ્યાન અકસ્માતે તેમને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર મૃત્યુ નીપજેલ જે સામા.નં.૧ કે જેઓ ટ્રક નં. જી.જે–૧૧–વી.વી.૭૭૦૭ ના માલીક છે તેમને આ અકસ્માતની જાણ હોવા છતાં અને વળતરની રકમ ચુકવવા જવાબદાર હોવા છતા વળતરની રકમ ચુકવેલ નથી કે નામદાર કોર્ટમાં જમા કરાવેલ નથી. જેથી હાલની આ અરજી કરવા ફરજ પડેલ છે. સામા.નં.૧ તથા ગુજરનાર વચ્ચે કામદાર (એમ્પ્લોઈ) ના સંબંધો હતા અને સામા.નં.૧ ની ફરજ દરમ્યાન અકસ્માતે મૃત્યુ નીપજતા તમામ સામાવાળાઓ સંયુકત તથા વિભકત રીતે તેઓ ગુજરનારના વારસદારોને અરજીમાં માંગ્યા મુજબની રકમ વ્યાજ તથા ખર્ચ સાથે ચુકવવા જવાબદાર થાય છે. વધુમાં ગુજરનાર રામભાઈ કરમટા સામાવાળા નં.૧ ને ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરીને માસીક રૂા.૧૫,૦૦૦/– પગાર મેળવીને પરિવારનું ભરણ–પોષણ કરતા હતા. તેઓ ટ્રકના હેવી ગુડઝનું લાયસન્સ ધરાવતા હતા તથા નેશનલ લેવલના કુશળ અને બાહોશ ડ્રાઈવર હતા. સામાવાળા નં.૧ ના ટ્રકમાં સ્ટીયરીંગ માં નીચે આવેલ પટલરનો નટબોલ છુટો થઈ જતા પટલર તુટી જતા યાંત્રીક ખામી સર્જાવાના કારણે આ અકસ્માતમાં ગુજરનારનું મૃત્યુ નીપજતા જેથી સામા.નં.૧ વચ્ચે કામદાર (એમ્પ્લોઈ) માલીક તરીકે સબંધ હોય જેથી સામા.નં.૧ અને સામા.નં.૨ વિમા કંપની હોય સામાવાળાઓ સંયુકત તથા વિભકત રીતે ગુજરનારના વારસદારોને

નીચે મુજબ વળતર ચુકવવા જવાબદાર થાય છે. ગુજરનાર રામભાઈ કરમટાનો સામા.નં.૧ ને ત્યાં માસીક પગાર રૂા.૧૫,૦૦૦/– હતો જેથી વર્કમેન (એમ્પ્લોઈ) કોમ્પેનસેશન એકટની જોગવાઈઓ મુજબ ૫૦% ગણી શકાય. જેથી રૂા.૧૫,૦૦૦/– ના અડધા ૭૫૦૦/– પગાર થાય. જેથી ગુજરનારની અકસ્માત સમયે ઉંમર ૨૮ વર્ષની હતી. તેની જન્મ તા.૬/૧૦/૧૯૯૩ હતી. જેથી મૃત્યુના કિસ્સામાં ૨૮ વર્ષની ઉંમરે ફેકટર ૨૧૧.૭૯ ફેકટર વડે ગુણાકાર કરતા રૂા.૭૫૦૦ × ૨૧૧.૭૯/– રૂા.૧૫,૮૮,૪૨૫/– અંકે રૂપિયા પંદર લાખ અઠયાસી હજાર ચારસો પચ્ચીસ પુરા નુકશાની વળતર મેળવવા અરજદારો હકકદાર છે અને તે મુજબની રકમ સામાવાળાઓ સંયુકત તથા વિભકત રીતે અરજદારોને ચુકવવા જવાબદાર છે. વધુમાં સામાવાળાઓએ અકસ્માત બાદ સમયસર રકમ ચુકવવા દરકાર નહી કરતા વર્કમેન કોમ્પેન્સેશન એકટની કલમ–૪–એ મુજબ વળતરની રકમ ઉપરાંત ૫૦% પેનલ્ટીની રકમ ચુકવવા પણ સામાવાળાઓ સંયુકત તથા વિભકત રીતે જવાબદાર છે. વધુમાં આ અરજીનું કારણ તા.૫/૫/૨૦૨૧ નારોજ સામાવાળા નં.૧ ના ટ્રકના ડ્રાઈવર તરીકે ફરજ ઉપર હતા અને ફરજ દરમ્યાન ગુજરનાર સામા.નં.૧ વચ્ચે ડ્રાઈવર (એમ્પ્લોઈ) તથા માલીક વચ્ચેનો સબંધ હોય જેથી ડબલ્યુ.સી.એકટની જોગવાઈઓ મુજબ વળતરની અરજી કરેલ છે. જેમાં અકસ્માત તારીખથી બે વર્ષની અંદર કેસ દાખલ કરવો જોઈએ. જેથી આ અકસ્માતને ફકત ૩ માસ જેવો સમય થયેલ છે. જેથી આ અરજી મુદતમાં છે. વધુમાં આ અકસ્માત કર્ણાટક રાજયના જીલ્લાના કુમટા તાલુકાની કુંડીકુલી ગામના નેશનલ હાઈવે નં.૬૬ પાસે બનાવ બનેલ છે. જે કુમટા પોલીસ સ્ટેશનની હદમાં બનાવ બનેલ છે. જેથી આ વળતરની અરજી કર્ણાટક રાજયના આંકોલા જીલ્લાની નામદાર વર્કમેન (એમ્પ્લોઈ) કમ્પેન્સેશન કમીશ્નર સાહેબની અદાલતમાં કરવી પડે પરંતુ અરજદારો જુનાગઢ જીલ્લાના માંગરોળ તાલુકાના શાપુર ગામમાં રહે છે અને તેમના સરનામાની સાબીતી માટે તેઓએ આધારકાર્ડ રજુ કરેલ છે. જેથી માંગરોળ તાલુકો નામદાર કોર્ટની હકુમત હેઠળ આવતો હોય આ વળતરની અરજી ચલાવવા આપ નામદાર કમ્પેન્સેશન કમીશ્નર સાહેબને હકુમત છે. નામદાર કોર્ટ સિવાય અરજદારોએ

અન્ય કોઈ ટ્રીબ્યુનલ કે અન્ય કોઈ રાજયની કે જીલ્લાની વર્કમેન કમ્પેન્સેશન કમીશ્નરશ્રીની અદાલતમાં વળતર માટેની અરજી દાખલ કરેલ નથી. જેથી તેઓએ નામદાર સાહેબની સમક્ષ હકુમત અંગેનુ સોગંદનામું અલગથી રજુ કરેલ છે. વધુમાં આ અકસ્માતના બનાવની જાણ સામા.નં.૧ ને થયેલ છે અને તેઓને ખબર પણ છે. આ બનાવના પોલીસ પેપર્સ થયેલ હોય સામા.નં.૧ ને નોટીસ આપેલ નથી કે કે આપવી જરૂરી નથી. વધુમાં આ અકસ્માતમાં ગુજરનાર રામભાઈ કરમટાનુ અકાળે અકસ્માતે મૃત્યુ નીપજતા વારસદારોમાં અરજદાર નં.૧ એ નાની ઉંમરમાં પતિ ગુમાવેલ છે. અરજદાર નં.ર ગુજરનાર રામભાઈના મૃત્યુ પછી આશરે ત્રણ માસ બાદ જન્મ થયેલ છે. અરજદાર નં.૧ ગર્ભવતી હતા. ગુજરનારના મૃત્યુ બાદ પુત્રી રત્નને જન્મ આપેલ છે. જેથી અરજદાર નં.ર ના જન્મ પહેલા પિતાની છત્રછાયા ગુમાવેલ છે. તેમજ અરજદાર નં.૩ ના એ જુવાનજોધ પુત્ર ગુમાવેલ છે. જેથી અરજદારોએ માનસીક દુ:ખ ત્રાસ પીડા, યાતનાઓ સહન કરવાનો વારો આવેલ છે. ગુજરનારના ચાલ્યા જવાથી નાણામાં ન પુરી શકાય તેવી ખોટ સહન કરવાનો વારો આવેલ છે. જે ધ્યાને લેવા અરજ કરેલ છે. સબબ અરજ કરેલ કે, આ કામના તમામ સામાવાળાઓ પાસેથી સંયુકત તથા વિભકત રીતે અંકે રૂા.૧૫,૮૮,જ્ર૫/- પુરા અકસ્માતની તારીખથી વાર્ષિક ૧૮% ના ચડત વ્યાજ સાથે વસુલ અપાવવા એવોર્ડ કરી આપવા તથા આ અરજીનુ ખર્ચ અપાવવા તેમજ મળી શકતી તથા અપાવી શકાતી તમામ દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) સામાવાળા નં.૧ ને આંક-૧૦ વાળી નોટીસ બજી જવા છતા તેઓએ જાતે કે વકીલ મારફત હાજર ન થતા તા.૩૦/૬/૨૦૨૨ ના રોજ આંક-૨૬ ની અરજદારોની અરજી અન્વયે તેઓનો વાંધા જવાબનો હકક બંધ કરેલ છે.

(૩) જયારે સામાવાળા નં.ર ને નોટીસ બજી જતા વકીલ મારફતે હાજર થઈ આંક-૨૭ થી વાંધા જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારનો દાવો કાયદેસર, યોગ્ય અને ખરો નથી અને તેથી તે રદ થવાને પાત્ર છે. અરજીમાં કરાયેલા નિવેદનો અને આક્ષેપો કે જે જવાબમાં સ્પેશીફીક સ્વીકારવામાં આવ્યા નથી તેનો ઈન્કાર કરવામાં આવે છે. વાહન નં.જીજે.૧૧.વીવી.૭૭૦૭ નો વિમો લેવામાં આવ્યો હોવાનુ સ્વીકારવામાં આવતુ

નથી. અકસ્માત સમયે સામાવાળા/વિમા કંપની આ લેખીત નિવેદનમાં ઉઠાવવામાં આવેલ કોઈપણ દલીલોને પૂર્વગ્રહ વિના અને કોઈપણ પ્રકારની જવાબદારી સ્વીકાર્યા વિના રજુઆત કરેલ છે કે, વીમા કાયદાની કલમ–૬૪ વીબી ની જોગવાઈઓનુ વર્તમાન કિસ્સામાં પાલન થતુ નથી અને તેથી તેઓ કોઈપણ વળતરની રકમ ચુકવણી કરવા માટે જવાબદાર નથી. જે ડ્રાઈવર અકસ્માત સમયે વાહન ચલાવી રહયો હતો તેની પાસે અકસ્માતની તારીખે માન્ય ડ્રાઈવીંગ લાઈસન્સ અને અસરકારક ડ્રાઈવિંગ લાઈસન્સ નહોતુ અને તેથી વળતરની કોઈપણ રકમ ચુકવવા માટે પણ તેઓ જવાબદાર નથી. આ સબંધમાં તેઓ બેલી રામ વિ. રાજીન્દર કુમાર ના કેસમાં સુપ્રિમ કોર્ટના નિર્ણય પર આધાર રાખે છે. સામાવાળા નં.૧ એ વિમાની પોલીસીના વિવિધ નિયમો અને શરતોનો ભંગ કર્યો છે અને તેથી તેઓ વળતરની કોઈપણ રકમ ચુકવવા માટે જવાબદાર નથી. વધુમાં એવી રજુઆત કરવામાં આવે છે કે, અરજદારોએ તમામ કાનુની વારસદારો અથવા પ્રતિનિધિઓ  અથવા ગુજરનારના આશ્રિતોને જોડેલ નથી તેથી ના જોડવા બદલ અરજદારોનો દાવો રદ થવાને પાત્ર છે. ઉપરોકત દલીલો સાથે પૂર્વગ્રહ રાખ્યા વિના, આ સામાવાળાએ એવી રજુઆત કરેલ છે કે અરજીના પારા–૧ થી ૧૦ માં કરવામાં આવેલા નિવેદનો ખરા ન હોય તેથી તેનો ઈન્કાર કરવામાં આવે છે.  વધુમાં અકસ્માતમાં ગુજરનારની ઉંમર અને આવક અને  ગુજરનાર સાથે અરજદારોના સંબંધ, સમય, સ્થળ અને અકસ્માતની સમયે વાહન નં.જીજે.૧૧.વીવી.૭૭૦૭ ની સંડોવણી, વાહનના ડ્રાઈવરના નામ અને સરનામા, માલીક અને વિમાદાતાના નામ અને સરનામુ અને દાવાની અરજીમાં કરાયેલા અન્ય તમામ નિવેદનો તેમની જાણકારીમાં નથી તેથી તેનો ઈન્કાર કરવામાં આવે છે. વધુમાં તેનો ઈન્કાર કરવામાં આવે છે કે, ગુજરનાર ટ્રક નં. જીજે–૧૧ વી.વી.૭૭૦૭ માં સામાવાળા નં.૧ સાથે ડ્રાઈવર તરીકે કામ કરતો હતો અને રૂા.૧૫,૦૦૦/– માસીક પગાર થી સામાવાળા નં.૧ નો ડ્રાઈવર હતો તથવા તા.૩/૫/૨૦૨૧ નારોજ સામાવાળા નં.૧ સાથે તેનો નોકરી ફરજ દરમ્યાન અકસ્માતમાં મૃત્યુ પામ્યો હતો અને અરજદારો ગુજરનારના આશ્રિતો હતા. વધુમાં અરજી વ.કો એકટ હેઠળ નિર્ધારીત ફોર્મ અનુસાર નથી

અને તે ખર્ચ સાથે રદ થવાને પાત્ર છે. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદારો પાસે આ સામાવાળા સામેનો હાલની અરજી કરવા માટે કાર્યવાહીનું કોઈ કારણ નથી અને તેથી હાલની અરજી રદ થવાને પાત્ર છે. વધુમાં અરજીના પેરા–૧૧ ના સંદર્ભે રજુઆત કરેલ છે કે, અરજદારો હાલની આ અરજી કરવા અથવા રૂા.૧૫,૮૮,૪૨૫/– વળતર તરીકે મેળવવા અથવા કોઈપણ રકમ કે રાહત મેળવવા હકકદાર નથી. વધુમાં હાલની અરજી અરજદાર દ્વારા સામાવાળા નં.૧ સાથે મીલાપીપણામાં દાખલ કરવામાં આવેલ હોય તેથી તે માનવા પાત્ર નથી. વધુમાં કોઈપણ પ્રકારની જવાબદારી સ્વીકાર્યા વિના રજુઆત કરવામાં આવે છે કે, વીમા કંપની પેનલ્ટીની કોઈ વધારાની વળતરની રકમ ચૂકવવા માટે જવાબદાર નથી. આ દલીલના સમર્થનમાં તેઓએ ૧૯૯૮ એ.સી.જે.–૧ વેદ પ્રકાશ ગર્ગ વિ. પ્રેમી દેવીના કેસનો સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર આધાર રાખે છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, અરજદારે તેમની આવક અંગે સામાવાળા નં.૧ સાથે સાંઠગાંઠ કરી છે અને અરજદાર જે વાહનનો ડ્રાઈવર હતો તેની આવક માસીક રૂા.૧૫૦૦/– થી વધુ આંકી શકાતી નથી. વધુમાં કોઈપણ પ્રકારની જવાબદારી વિના રજુઆત કરેલ છે કે, અરજદારોનો દાવો ખુબ ઉંચો અને અતિશય છે અને તે કોઈપણ આધાર અથવા જોડાણ વિનાનો છે અને તેથી તે ખર્ચ સાથે રદ થવાને પાત્ર છે. વધુમાં કોઈપણ બાબતના પૂર્વગ્રહ વિના નીચેના કારણોસર સામાવાળા નં.ર વળતર, વ્યાજ કે ખર્ચ વગેરેની ચુકવણી કરવા માટે જવાબદાર નથી. (એ) ડ્રાઈવર પાસે વાહન માટે માન્ય ડ્રાઈવિંગ લાઈસન્સ ન હોય તેથી એમ.વી.એકટ ૧૪૯(ર) હેઠળ સામાવાળા જવાબદાર નથી. (બી) અરજદારે ખરી હકીકતો છુપાવેલ છે (સી) ગુજરનાર વ.કો.એકટમાં વ્યાખ્યાચિત કરાયેલ કર્મચારી અથવા 'કામદાર'ની વ્યાખ્યામાં આવતા નથી અને ગુજરનાર અને સામાવાળા નં.૧ વચ્ચે કર્મચારી અને માલીકનો કોઈ સંબંધ નથી. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, અરજદારોએ ડ્રાઈવર સહિત વાહનના માલીક સાથે સાંઠગાંઠ કરેલ છે તેથી એમ.વી.એકટની ક.૧૭૦ હેઠળના લાભ મેળવવા તથા તમામ કારણોસર કલેઈમ કોન્ટેસ્ટ કરવા રજુઆત કરેલ છે તેમજ જો માલીક અરજી લડવામાં નિષ્ફળ જાય તો એમ.વી.એકટની કલમ–૧૭૦ હેઠળની જોગવાઈ પણ લાગુ

થશે. આ રજુઆતના સમર્થનમાં તેઓએ સિવિલ રીવીઝન અરજી નં.૧૮૩/૮૯, તા.૧૩/૮/૮૯ નો ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો રીલાયન્સ જી.આઈ.સી લી. વિ. આહેર લાખા નાથુના નિર્ણય પર આધાર રાખે છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, અકસ્માત સમયે ગુજરનાર વાહનનો માલીક હતો. ઉપરોકત બાબતોને ધ્યાને લઈ રજુઆત કરેલ છે કે, અરજદારોની અરજી ખર્ચ સહીત રદ થવાને પાત્ર છે.

(૪) અરજદારો તરફે નીચે મુજબના પુરાવાઓ રજુ થયેલ છે.

**-: અરજદારો તરફે રજુ મૌખિક પુરાવાઓ :-**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર નં.૧ વેજીબેન રામાભાઈ કરમટા ધ્વારા મૌખીક પુરાવાનું સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. | ૩૦ |

**-: અરજદારો તરફે રજુ દસ્તાવેજી પુરવાઓ:-**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | કુમટા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર્ડ નં.૦૦૯૯/૨૦૨૧ ના કામમાં કન્નડભાષામાં એફ.આઈ.આરની ખરી નકલ. | ૩૧ |
| ૨. | કન્નડભાષામાંથી ઈગ્લીશ ટ્રાન્સલેશન એફ.આઈ.આરની નકલ. | ૩૨ |
| ૩. | ઈગ્લીશમાંથી ગુજરાતીમાં ટ્રાન્સલેશન એફ.આઈ.આરની નકલ. | ૩૩ |
| ૪. | સ્થાનીક જગ્યાના પંચનામાની ખરી નકલ. | ૩૪ |
| ૫. | સ્થાનીક જગ્યાના પંચનામાની કન્નડમાંથી ટ્રાન્સલેશન કરી ઈગ્લીશભાષાની નકલ. | ૩૫ |
| ૬. | સ્થાનીક જગ્યાના પંચનામાની ઈગ્લીશમાંથી ટ્રાન્સલેશન કરી ગુજરાતી ભાષાની નકલ. | ૩૬ |
| ૭. | કુમટા પોલીસ સ્ટેશનમાં હીરાભાઈ સુદાભાઈ ચાવડાના કન્નડ ભાષામાં આપવામાં આવેલ ફરીયાદની ખરી નકલ. | ૩૭ |
| ૮. | હીરાભાઈ સુદાભાઈ ચાવડાની ફરીયાદની કન્નડ ભાષામાંથી ઈગ્લીશ ભાષામાં કરવામાં આવેલ ટ્રાન્સલેશનની નકલ. | ૩૮ |
| ૯. | હીરાભાઈ સુદાભાઈ ચાવડાની ફરીયાદની ઈગ્લીશ ભાષામાંથી ગુજરાતી ભાષામાં કરવામાં આવેલ ટ્રાન્સલેશનની નકલ. | ૩૯ |
| ૧૦. | ગુજરનારના ડ્રાઈવીંગ લાયસન્સની નકલ. | ૪૦ |

| | | |
|---|---|---|
| ૧૧. | ટ્રક નં. જીજે–૧૧ વીવી–૭૭૦૭ ની આર.સી.બુકની નકલ. | ૪૧ |
| ૧૨. | ટ્રક નં. જીજે–૧૧ વીવી–૭૭૦૭ ની ફીટનેસ સર્ટીફીકેટની નકલ. | ૪૨ |
| ૧૩. | ટ્રક નં. જીજે–૧૧ વીવી–૭૭૦૭ ની ગુજરાત સ્ટેટની ગુડઝ કેરેટની પરમીટની નકલ. | ૪૩ |
| ૧૪. | ટ્રક નં. જીજે–૧૧ વીવી–૭૭૦૭ ની નેશનલ પરમીટની નકલ. | ૪૪, ૪૫ |
| ૧૫. | ટ્રક નં. જીજે–૧૧ વીવી–૭૭૦૭ ની પી.યુ.સી. ની નકલ. | ૪૬ |
| ૧૬. | આર.ટી.ઓ દ્વારા કરવામાં આવેલ ટ્રક નં. જીજે–૧૧ વીવી–૭૭૦૭ ના મોટર વ્હીકલ એકસીડન્ટ રીપોર્ટની ખરી નકલ. | ૪૭ |
| ૧૭. | ટ્રક નં. જીજે–૧૧ વીવી–૭૭૦૭ ની વિમા પોલીસીની નકલ. | ૪૮ |
| ૧૮. | ગુજરનારના પી.એમ. રીપોર્ટની ખરી નકલ. | ૪૯ |
| ૧૯. | ગુજરનારના આધારકાર્ડની નકલ. | ૫૦ |
| ૨૦. | અરજદાર નં.૧ વેજીબેન રામાભાઈ કરમટાના આધારકાર્ડની નકલ. | ૫૧ |
| ૨૧. | અરજદાર નં.૩ લક્ષ્મીબેન બાબુભાઈ કરમટાના આધારકાર્ડની નકલ. | ૫૨ |
| ૨૨. | અરજદાર નં.૨ સગીર રીશાબેન રામાભાઈ કરમટાના જન્મતારીખના દાખલાની નકલ. | ૫૩ |
| ૨૩. | સામા.નં.૨ ને મોકલેલ નોટીસની આર.પી.એડી ની રસીદ. | ૫૪ |
| ૨૫. | સામા.નં.૨ને મોકલેલ નોટીસ મળી ગયાનુ પોસ્ટના સ્ટેટસ રીપોર્ટ. | ૫૫ |
| ૨૬. | ઈન્કવેસ્ટ પંચનામાની કન્નડભાષાની ખરી નકલ. | ૫૬ |
| ૨૭. | કન્નડ ભાષામાંથી ઈંગલીશમાં નોટરી દ્વારા કરવામાં આવેલ ઈન્કવેસ્ટ પંચનામાની નકલ. | ૫૭ |
| ૨૮. | ઈંગ્લીશમાંથી ગુજરાતી ભાષામાં કરવામાં આવેલ ઈન્કવેસ્ટ પંચનામાની નકલ. | ૫૮ |
| ૨૯. | કુમટા પોલીસ સ્ટેશન દ્વારા કુમટા કોર્ટ સમક્ષ રજુ કરેલ કન્નડ ભાષામાં ફાઈનલ રીપોર્ટની ખરી નકલ. | ૫૯ |
| ૩૦ | કન્નડભાષા માંથી ઈંગલીશમાં નોટરી દ્વારા કરવામાં આવેલ ફાઈનલ રીપોર્ટની ટ્રાન્સલેશનની  નકલ. | ૬૦ |
| ૩૧. | ઈંગલીશમાંથી ગુજરાતી ભાષામાં કરવામાં આવેલ ફાઈનલ રીપોર્ટની ટ્રાન્સલેશનની નકલ. | ૬૧ |

(૫) અરજદાર તરફે  આંક–૬૨ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે.

(૬) સામાવાળા નં.૧ નાએ કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ ન હોય તેથી અરજદારો તરફે આંક–૬૩ થી અરજી આપતા સામાવાળા નં.૧ નો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) સામાવાળા નં. ૨ તરફે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. તેઓ તરફે આંક–૬૫ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે.

(૮) આ કામે અરજદારના વિ.વ.શ્રી તરફે આંક–૬૬ થી લેખિત દલીલ રજુ થયેલ છે જેની જરૂરી ચર્ચા હવે પછી યથાસ્થાને કરવામાં આવશે.

(૯) સામાવાળા નં.૨ તરફે દલીલ માટે કોઈ હાજર ન રહેતા, સામાવાળા નં.૧ નો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે સામાવાળા નં.૨ ના વિ.વ.શ્રી તરફે આંક–૬૮ થી લેખિત દલીલ રજુ થયેલ છે જેની જરૂરી ચર્ચા હવે પછી યથાસ્થાને કરવામાં આવશે.

(૧૧) આ કામે નીચે મુજબના મુદાઓ આંક–૨૮ થી કાઢવામાં આવેલ છે.

(૧) શું અરજદારો પુરવાર કરે છે કે, તેઓ આ કામના ગુજરનાર રામભાઈ બાબુભાઈ કરમટાનાં કાયદેસરના આશ્રિતો અને વારસો છે?

(૨) શું અરજદારો પુરવાર કરે છે કે, અકસ્માત સમયે ગુજરનાર રામભાઈ બાબુભાઈ કરમટા અને સામાવાળા નં.૧ વચ્ચે નોકર અને માલીકનાં સબંધો હતા ?

(૩) શું અરજદારો પુરવાર કરે છે કે, ગુજરનારને સામાવાળા નં.૧ ને ત્યાં નોકરીની ફરજ દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત થયેલ અને તે અકસ્માતમાં થયેલ ઈજાના કારણે ગુજરનારનું મૃત્યુ થયેલ છે ?

(૪) શું અરજદારો પુરવાર કરે છે કે, અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૨૮ વર્ષની અને તેમનો માસીક પગાર રૂા.૧૫,૦૦૦/– હતો ?

(૫) શું અરજદારો પુરવાર કરે છે કે, ગુજરનારને થયેલ અકસ્માત અંગે સામાવાળાઓ વળતરની રકમ ચુકવવા કાયદેસર જવાબદાર થયેલ છે ? જો હા તો કેટલી રકમ ?

(૬) શું અરજદારો પુરવાર કરે છે કે, સામાવાળાઓએ ગુજરનારના વળતરની રકમ અરજદારોને ચુકવવામાં બેદરકારી દાખવેલ છે ? જો હા તો શુ તેઓ પેનલ્ટી અને વ્યાજ ચુકવવા જવાબદાર છે ?

(૭) શું આખરી હુકમ ?

(૧૨) ઉપરોકત મુદાઓનાં મારા તારણો તથા કારણો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| **મુદા નં ૧** | **:–** | **હકારમાં,** |
| **મુદા નં ૨** | **:–** | **હકારમાં,** |
| **મુદા નં ૩** | **:–** | **હકારમાં,** |
| **મુદા નં ૪** | **:–** | **અંશત: હકારમાં, ઉ.વ.આ.૨૮ વર્ષ માસિક પગાર રૂા.૯,૨૬૧/–** |
| **મુદા નં.૫** | **:–** | **હકારમાં, રૂા.૯,૮૦,૬૯૪/–** |
| **મુદા નં.૬** | **:–** | **અંશત: હકારમાં, આખરી હુકમ મુજબ** |
| **મુદા નં ૭** | **:–** | **આખરી હુકમ મુજબ.** |

**– : : કારણો : : –**

(૧૩) **મુદા નં.૧ :–**

આ કામે ગુજરનાર રામાભાઈ બાબુભાઈ કરમટાને થયેલ જીવલેણ અકસ્માત સમયે આ કામનાં અરજદારો ગુજરનારના કાયદેસરના વારસદાર અને આશ્રિત હતા કે કેમ ? તે અંગે ચર્ચા કરતાં અગાઉ કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ ની કલમ–૨ (ડી) નો ઉલ્લેખ જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

**કલમ–૨ (ડી) '' આશ્રિત'' :–**

એટલે ગુજરનાર કામદારના નીચે જણાવેલ કોઈપણ સગાઓમાંથી એક

(૧) તેની વિધવા, તેનો સગીર ( કાયદેસરનો કે દતક ) પુત્ર, અને અપરણિત (કાયદેસરની કે દતક ) પુત્રી, અથવા તેની વિધવા માતા અને

(૨) તેના અવસાન વખતે કામદારની કમાણી પર સંપૂર્ણ આશ્રિત તેનો ૧૮ વર્ષનો અશકત પુત્ર–પુત્રી અને

(૩) તેના અવસાન વખતે કામદારની કમાણી પર સંપૂર્ણ કે અંશત: નીચેના આશ્રિતો

(એ) સ્ત્રી કામદારનો વિધુર પતિ,

(બી) વિધવા માતા સિવાય તેના માતા–પિતા

(સી) તેનો ગેરકાયદેસર સગીર પુત્ર, ગેરકાયદેસર અપરણિત પુત્રી, અથવા તેની પરિણીત સગીર કાયદેસર કે ગેરકાયદેસર અથવા દતક પુત્રી, અથવા તેની વિધવા અને સગીર કાયદેસર કે ગેરકાયદેસર પુત્રી,

(ડી) તેનો સગીર ભાઈ અથવા અપરણિત બહેન અથવા તેની સગીર વિધવા બહેન,

(ઈ) વિધવા પુત્રવધુ,

(એફ) પૂર્વમૃત પુત્રીનું સગીર બાળક

(જી) પૂર્વમૃત પુત્રીનું સગીર બાળક જેના માતા પિતા હૈયાત ન હોય,

(એચ)જો કામદારનાં માતા પિતા હૈયાત ન હોય તેના દાદા દાદી

સ્પષ્ટીકરણ : પેટા કલમ–(૨) અને પેટા કલમ–(૩) ની આઈટમ એફ અને જીના હેતુ માટે પુત્ર, પુત્રી અને બાળકના ઉલ્લેખમાં દતક પુત્ર, પુત્રી અથવા બાળકોનો અનુક્રમે સમાવેશ થશે.

**(૧૪)** આમ,ઉપરોકત કાયદાની જોગવાઈ અન્વયે આ કામે અરજદારોની અરજીના સમર્થનમાં અરજદાર નં.૧ વેજીબેન રામાભાઈ કરમટાએ આંક–૩૦ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે જેમાં તેઓ જણાવે છે કે તેઓ ગુજરનાર રામાભાઈના પત્ની, અરજદાર નં.ર પુત્રી તથા અજરદાર નં.૩ માતા થતા હતા. અરજદારો સિવાય અન્ય કોઈ વારસદારો નથી. ગુજરનાર રામાભાઈ તેમના પરીવારનુ ભરણપોષણ કરતા હતા. આ અકસ્માતમાં ગુજરનારનુ અકાળે મરણ થતા અરજદાર નં.૧ એ નાની ઉંમરે પતિ ગુમાવેલ છે તથા અરજદાર નં.૧ અકસ્માત સમયે ગર્ભવતી હતા અને અકસ્માત બાદ ત્રણ માસ બાદ અરજદાર નં.ર નો જન્મ થયેલ છે અને તે રીતે અરજદાર નં.ર એ જન્મ પહેલાજ પિતાની છત્રછાયા ગુમાવેલ છે તથા અરજદાર નં.૩ એ જુવાનજોધ દીકરો ગુમાવેલ છે જેથી

અરજદારોએ માનસીક દુ:ખત્રાસ પીડા, યાતનાઓ સહન કરવી પડેલ છે તથા નાણાંમાં પુરી ન શકાય તેવી ખોટ સહન કરવી પડેલ છે તેમ સોગંદ ઉપર જણાવેલ છે. જયારે આ કામે સામાવાળાઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં અરજદારની હાલના મુદા સબંધે કોઈ વિપરીત હકીકત નીકળી આવેલ નથી. આમ, અરજદારો ગુજરનારના વારસદાર અને આશ્રિત ન હોવા સબંધે કોઈ વિપરીત હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો તથા ચર્ચાના અંતે હાલના અરજદારો ગુજરનાર રામાભાઈ બાબુભાઈ કરમટાના કાયદેસરના વારસદારો અને આશ્રિતો હોવાનુ રજુ પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ છે. જેથી આ કામે ગુજરનાર રામાભાઈના હાલના અરજદારો કામદાર વળતર ધારાની કલમ-૨(ડી) અન્વયે વારસો આશ્રિતો હોવાનુ ઠરાવવામાં આવે છે. જેથી ઉપરોકત ચર્ચાના અંતે **મુદા નં.૧** નો જવાબ આથી '**હકાર**' માં ઠરાવવામાં આવે છે.

**(૧૫) <u>મુદા નં.૨-૩ :-</u>**

આ કામે મુદા નં.૨ થી ૩ ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ, બીન જરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બંને મુદ્દાઓની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવે છે. વધુમાં આ મુદ્દાઓ જોવામાં આવે તો, એ બાબત નકકી કરવાની થાય છે કે, ગુજરનાર રામાભાઈ સામાવાળા નં.૧ ના કામદાર હતા કે કેમ ? તથા ગુજરનાર રામાભાઈ અને સામાવાળા નં.૧ વચ્ચે નોકર-માલીકનો સબંધ હતો કે કેમ ? અને ગુજરનાર રામાભાઈનો નોકરીના સમય દરમ્યાન અને નોકરીમાંથી ઉત્પન્ન થયેલ અકસ્માતને કારણે મરણ થવા પામેલ કે કેમ ? આ કામે અરજદાર નં.૧ વેજીબેન રામાભાઈ કરમટાએ તેમની આંક-૧ ની અરજીના સમર્થનમાં આંક-૩૦ થી સોગંદ ઉપરની જુબાનીમાં ગુજરનાર રામાભાઈ સામાવાળા નં.૧ ને ત્યાં ડ્રાઈવર તથા કલીનર તરીકે માસીક રૂા.૧૫,૦૦૦/- ના પગારથી ફરજ બજાવતા હતા, એ રીતે ગુજરનાર અને સામાવાળા વચ્ચે માલીક અને કામદારના સંબંધો હતા. આ કામના ગુજરનાર કામદાર તા.૩/૫/૨૦૨૧ ના રોજ સામાવાળા નં.૧ ટ્રક નં.જીજે-૧૧-વી.વી.૭૭૦૭ માં વેરાવળ બંદર ઉપરથી સુકી મચ્છીઓની બોરીઓ ભરીને કેરળ રાજયમાં નાખવા

માટે જતા હતા ત્યારે તેમની સાથે શાપુરના હિરાભાઈ ચાવડા તથા ગોવિંદભાઈ બી. કરમટા પણ ડ્રાઈવર તરીકે સાથે હતા ત્યારે તા.૫/૫/૨૦૨૧ નારોજ રાત્રીના ૯-૩૦ કલાકે કર્ણાટક રાજયના આંકોલા જીલ્લાના કુંમટા તાલુકાના કુંડીકલી ગામના નેશનલ હાઈવે નં.૬૬ રોડ ઉપરથી ગુજરનાર રામભાઈ બાબુભાઈ કરમટા તેમની સાઈડમાં ધીમી તથા મકકમ ગતીથી તેમની સાઈડમાં ચલાવીને જતા હતા ત્યારે કુમટા પોલીસ સ્ટેશનમાં ૧૦ કિ.મી. દુર પહોંચ્યા ત્યારે ટ્રકમાં અચાનક સ્ટીંયરીંગની નીચે આવેલ પટલરમાં રહેલ નટબોલ છુટો થઈ જતા પટલર તુટી જતા તથા યાંત્રીક ખામી સર્જાવાના કારણે ગુજરનાર સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવતા તેમનો ટ્રક ડીવાયડર સાથે અથડાઈને રોડ ઉપર પલ્ટી મારી જતા ગુજરનાર ટ્રકની નીચે દબાઈ જતા તેમના જમણા પગનો અંગુઠો કપાઈ ગયેલ તેમજ ડાબા પગની ઘુટીમાં ફ્રેકચર તેમજ તેમના ગુપ્તાંગના ભાગે ઈજા તથા કમરની ડાબી બાજુ સંપુર્ણ કચડાઈ જતા અને હાડકા અને માસ પૈસીઓ બહાર આવી જતા ગુજરનાર રામભાઈ કરમટાનું સ્થળ ઉપર જ અવસાન થયેલ હોવાનુ જણાવેલ છે. જયારે સામાવાળા નં.૧ હાજર ન રહેતા, સામાવાળા નં.૧ નો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે તથા સામાવાળા નં.૨ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓના પતિની સામાવાળા નં.૧ હાજરી પત્રકમાં કે ચોપડાઓમાં સહીઓ લેતા કે કેમ તેનો ખ્યાલ ન હોવાની હકીકત જણાવી તેઓએ સરતપાસમાં જણાવેલ હકીકતોને વળગી રહેલ છે. આ સિવાય અરજદાર તરફે અન્ય કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી. વધુમાં સામાવાળા નં.૧ હાજર ન રહેતા, અરજદારની આંક-૬૩ ની અરજીના હુકમ અન્વયે સામાવાળા નં.૧ નો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે જયારે સામાવાળા નં.૨ તરફે કોઈ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી. એ રીતે અરજદારો ધ્વારા જણાવવામાં આવેલ હકીકતોને સામાવાળા નં.૧ ધ્વારા પડકારવામાં આવેલ નથી કે તે હકીકતની વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર રજુ કરેલ નથી જયારે સામાવાળા નં.૨ ના વિ.વ.શ્રી તરફે તેઓના આંક-૨૭ ના વાંધા જવાબમાં ગુજરનાર રામભાઈ અને સામાવાળા નં.૧ વચ્ચે નોકર માલીકના સબંધો થતા ન હોવાની રજુઆત કરેલ છે. આમ, રેકર્ડ ઉપર રજુ

થયેલ પુરાવાઓ તથા સામાવાળા નં.૧ તરફે હાજર રહી કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ ન હોવાની હકીકત ધ્યાને રાખી આ સબંધે ચર્ચા કરીએ તો આ કામે અરજદાર તરફે રેકર્ડ ઉપર રજુ થયેલ આંક−૩૩ થી કુમટા પોલીસ સ્ટેશનના ગુના રજી.નં.૦૦૯૯/૨૦૨૧ થી નોંધાયેલ કન્નડ ભાષામાંથી ગુજરાતી ભાષામાં ટ્રાન્સલેશન કરેલ એફઆઈઆરની નકલ, આંક−૩૬ થી કન્નડ ભાષામાંથી ગુજરાતી ભાષામાં ટ્રાન્સલેશન કરેલ સ્થાનિક જગ્યાના પંચનામાની નકલ, આંક−૫૮ થી કન્નડ ભાષામાંથી ગુજરાતી ભાષામાં ટ્રાન્સલેશન કરેલ ઈન્કવેસ્ટ પંચનામાની નકલ, આંક−૪૯ થી પી.એમ.નોટ તથા આંક−૬૧ થી કન્નડ ભાષામાંથી ગુજરાતી ભાષામાં ટ્રાન્સલેશન કરેલ આખરી અહેવાલ રીપોર્ટ ધ્યાને તથા વંચાણે લેતા, આ કામના ગુજરનાર કામદાર તા.૩/૫/૨૦૨૧ ના રોજ સામાવાળા નં.૧ ટ્રક નં.જીજે.૧૧.વીવી.૭૭૦૭ માં વેરાવળ બંદર ઉપરથી સુકી મચ્છીઓની બોરીઓ ભરીને કેરળ રાજયમાં નાખવા માટે જતા હતા ત્યારે તેમની સાથે શાપુરના હિરાભાઈ ચાવડા તથા ગોવિંદભાઈ બી. કરમટા પણ ડ્રાઈવર તરીકે સાથે હતા ત્યારે તા.૫/૫/૨૦૨૧ ના રોજ રાત્રીના ૯−૩૦ કલાકે કર્ણાટક રાજયના આંકોલા જીલ્લાના કુંમટા તાલુકાના કુંડીકલી ગામના નેશનલ હાઈવે નં.૬૬ રોડ ઉપરથી ગુજરનાર રામભાઈ બાબુભાઈ કરમટા ચલાવીને જતા હતા ત્યારે કુમટા પોલીસ સ્ટેશનમાં ૧૦ કિ.મી. દુર પહોંચ્યા ત્યારે ટ્રકનો અકસ્માત થતા ગુજરનાર સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવતા તેમનો ટ્રક ડીવાયડર સાથે અથડાઈને રોડ ઉપર પલ્ટી મારી જતા ગુજરનારને ગંભીર ઈજા થવાના કારણે અવસાન પામેલાનું સ્પષ્ટપણે માની શકાય તેમ છે. તેવી જ રીતે અરજદાર તરફે રજુ આંક−૩૯ નુ ટ્રક નં.જીજે.૧૧.વીવી.૭૭૦૭ ના અન્ય ડ્રાઈવર હીરાભાઈ સુધાભાઈ ચાવડાનુ પોલીસ રૂબરૂની ફરીયાદ ધ્યાને લેતા, તેમાં તેઓએ પોલીસ રૂબરૂ જણાવેલ છે કે છેલ્લા ઘણા વર્ષોથી તેઓ ડ્રાઈવર તરીકે ટ્રક નં.જીજે.૧૧.વીવી.૭૭૦૭ માં કામ કરે છે જે સેજાદભાઈ અહમદભાઈ ઈસવાણ, રહે.માંગરોળની માલીકીનો છે તથા રામભાઈ બાબુભાઈ કરમટા, રહે.શાપુર અને ગોવિંદભાઈ બીકનભાઈ કરમટા રહે.શાપુર પણ સદર ટ્રકમાં ડ્રાઈવર છે.

એ રીતે ટ્રક નં.જીજે.૧૧.વીવી.૭૭૦૭ ઉપર ગુજરનાર રામભાઈ ડ્રાઈવર તરીકે નોકરી કરતા હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ગુજરનાર રામભાઈ બાબુભાઈ કરમટા સામાવાળા નં.૧ ના ટ્રકમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હોવાનું અને નોકરીની ફરજ દરમ્યાન અકસ્માત થતા મરણ થયેલ હોવાનું સ્પષ્ટપણે માની શકાય તેમ છે. ત્યારે ઉપરોકત ચર્ચાના અંતે **મુદા નં.૨ અને ૩** નો જવાબ **હકારમાં** ઠરાવવામાં આવે છે.

(૧૬) **<u>મુદા નં–૪ :–</u>**

હવે ઉપરોકત મુદા નં.૧ થી ૩ અરજદારો પુરવાર કરવામાં સફળ નિવડે છે ત્યારે અકસ્માત સમયે ગુજરનાર રામભાઈની શું ઉંમર હતી? અને તેનો માસિક પગાર કેટલો હતો? તે અંગે ચર્ચા કરીએ તો ...

**<u>ઉંમર :–</u>**

આ કામે અકસ્માત સમયે ગુજરનાર રામભાઈની ઉંમર પરત્વે અરજદારો તરફે આંક–૧ ની અરજી તથા અરજદાર ના આંક–૩૦ ના મૌખિક પુરાવામાં ગુજરનાર રામભાઈની અકસ્માત સમયે ઉંમર ૨૮ વર્ષની હોવાની હકિકત જણાવેલ છે. જે હકિકતના સમર્થનમાં આ કામે અરજદાર પક્ષે આંક–૪૦ થી ગુજરનાર રામભાઈના ડ્રાઈવીંગ લાયસન્સની ખરી નકલ તથા આંક–૫૦ થી ગુજરનાર રામભાઈના આધારકાર્ડની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા, તેમાં ગુજરનાર રામભાઈની જન્મ તા.૬/૧૦/૧૯૯૩ દર્શાવેલ છે. વધુમાં ગુજરનાર રામભાઈને થયેલ અકસ્માતમાં ઈજા થતા સારવાર દરમ્યાન મરણ તા.૫/૫/૨૦૨૧ ના રોજ ગયેલ છે. તે લક્ષમાં લેતા ગુજરનાર રામભાઈની અકસ્માત સમયે **ઉંમર ૨૮ વર્ષ**ની હોવાનું સ્પષ્ટપણે રજુ પુરાવા ઉપરથી જણાઈ આવે છે.

**<u>આવક :–</u>**

આ કામે અરજદાર પક્ષે ગુજરનાર રામભાઈની આવક અન્વયે આંક–૧ ની અરજી તથા અરજદાર નં.૧ વેજીબેન રામભાઈ કરમટા ની આંક–૩૦ થી રજુ સોગંદ ઉપરની જુબાનીમાં ગુજરનાર રામભાઈ સામાવાળા નં.૧ ને ત્યાં ડ્રાઈવર તથા કલીનર તરીકે કામ

કરતા હતા અને ગુજરનાર સામાવાળા નં.૧ ને ત્યાં ડ્રાઈવર તરીકે કામ કરી માસીક રૂા.૧૫,૦૦૦/– પગારથી કામ કરવા નોકરી પર રોકાયેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, આ કામે અરજદારની ઉપરોકત સરતપાસની હકિકત પરત્વે સામાવાળા નં.ર ના વિ.વ.શ્રી એ કરેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે મારા પતિની સામાવાળા નં.૧ હાજરીપત્રક કે ચોપડાઓમાં સહીઓ લેતા હતા કે કેમ તેનો મને ખ્યાલ ન હોવાનુ કબુલ કરેલ છે. જયારે અરજદાર તરફે તેમની લેખીત દલીલમાં ગુજરનારનો માસીક રૂા.૧૫,૦૦૦/– પગાર હોવાનુ જણાવેલ છે જયારે સામાવાળા નં.ર એ તેમની દલીલોમાં માસીક રૂા.૧૫,૦૦૦/– પગાર મેળવતા હતા તેવુ માની શકાય નહી તથા રૂા.૫૦૦૦/– થી વધુ ઈન્કમ ગણી શકાય નહી તેવી દલીલો કરેલ છે. જયારે રેકર્ડ ઉપર રજુ મૌખીક દસ્તાવેજી પુરાવા લક્ષમાં લેતા, અરજદાર પક્ષે ગુજરનારની આવક સબંધે કોઈ સચોટ આધારભુત પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જયારે સામાવાળા નં.૧ તરફે અરજદારો ધ્વારા જણાવવામાં આવેલ હકીકતોને પડકારવામાં આવેલ નથી કે તે હકીકતની વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર રજુ કરેલ નથી જયારે સામાવાળા નં.ર તેઓના વાંધા જવાબમાં સદર હકીકતનો ઈન્કાર કરી તકરાર લીધેલ છે. આવા સંજોગોમાં અરજદાર તરફે સામાવાળા નં.૧ ગુજરનાર રામભાઈને માસીક પગાર રૂા.૧૫,૦૦૦/– આપતા હોવાની હકીકત કોઈપણ પુરાવા વગર માનવાપાત્ર નથી. આવા સંજોગોમાં ગુજરનાર રૂા.૧૫,૦૦૦/– પગાર મેળવતો હોવાનુ માની શકાય નહી પરંતુ જે તે સમયના લઘુતમ વેતન વળતર ચુકવતી વખતે ધ્યાને લેવા પડે. આ કામે હાલનો બનાવ તા.૫/૫/૨૦૨૧ ના રોજ બનેલ છે તે સમયનો ઝોન–ર નો પ્રવર્તમાન સ્કીલ્ડ મીનીમમ વેજીસ રૂા.૩૫૬–૨૦ પૈ. હતો તેને ર૬ દીવસ લેખે ગણતરી કરીએ તો ગુજરનાર રૂા.૯,૨૬૧/– આવક મેળવતા હોવાનુ માની શકાય છે. વધુ વર્કમેન કમ્પનસેશન એકટ–૧૯૨૩ ના કાયદા અને તેમાં થયેલ સુધારા અંગેની ચર્ચા આ તબકકે કરવી જરૂરી છે. સદરહું કાયદાને છેલ્લે સને–૨૦૦૯ માં સુધારવામાં આવેલ અને તેનો અમલ તા.૧૮/૧/૧૦ ના રોજથી કરવામાં આવેલ અને તે મુજબ કાયદાનું નવું નામ 'વર્કમેન કમ્પનસેશન એકટ' ની

જગ્યાએ 'એમ્પ્લોઈઝ કમ્પનસેશન એકટ' કરવામાં આવેલું તથા જુના કાયદાની કલમ−૪ માં જે માસીક પગારની મર્યાદા વળતરની ગણતરી માટે રૂા.૪,૦૦૦/− સુધી ની કરવામાં આવેલી હતી તે અંગેની સમજુતી રદ કરીને તેની જગ્યાએ કલમ−૪ માં પેટા કલમ−૧(બી) દાખલ કરવામાં આવેલ અને તે મુજબ માસીક પગાર અંગે કેન્દ્ર સરકાર નોટીફીકેશન ધ્વારા રકમ નકકી કરશે તેવી જોગવાઈ કરેલ છે તથા S.O.1258(E) તા.૩૧/૫/૨૦૧૦ ના રોજ નોટીફીકેશન ધ્વારા માસીક પગારની મર્યાદા વળતરની ગણતરી માટે રૂા.૮,૦૦૦/− ની કરવામાં આવેલ છે. તેવી જ રીતે કેન્દ્ર સરકારના નોટીફીકેશન નં.S.O.71(E) થી તા.3/૧/૨૦૨૦ થી વળતરની ગણતરી માટે માસીક પગારની મર્યાદા રૂા.૧૫,૦૦૦/− કરેલ છે. હાલના કેસમાં અરજદારના કથન મુજબ અકસ્માતનો બનાવ તા.૫/૫/૨૦૨૧ ના રોજ બનવા પામેલ છે. તે સંજોગોમાં દેખીતી રીતે સને ૨૦૧૦ પછીના કાયદાની જોગવાઈઓ હાલના કેસમાં લાગુ પડશે. આમ, ઉપરોકત હકીકતો લક્ષમા લેતા, ગુજરનાર રામભાઈની અકસ્માત સમયે માસીક આવક **રૂા.૯,૨૬૧/−** ઠરાવવામાં આવે છે. આમ,ઉપરોકત ચર્ચા અંતે **મુદા નં.૪** નો જવાબ આથી **'અંશત: હકાર'** માં ઠરાવવામાં આવે છે.

**(૧૭) <u>મુદા નં.૫ :−</u>**

આ કામે મુદા નં.૫ ની હકીકત જોવામાં આવે તો, અરજદારો સામાવાળાઓ પાસેથી વળતર મેળવવા હકકદાર બને છે કે કેમ? તે જોવાનું રહે છે. આ કામે સદર મુદ્દા નં.૫ પરત્વે કામદાર વળતર ધારાની જોગવાઈનો ઉલ્લેખ કરવો જરુરી હોય જે નીચે મુજબ છે.

**કલમ−૩ વળતર આપવા માટેની માલિકની જવાબદારી:−**

(૧) કોઈ કામદારને તેની કામગીરીમાંથી અને તે દરમ્યાન થતા અકસ્માતથી શારીરિક ઈજા થાય તો તેનો માલિક આ પ્રકરણની જોગવાઈઓ અનુસાર વળતર આપવા માટે જવાબદાર રહેશે.

પરંતુ−

(એ) જેથી ત્રણથી વધુ દિવસની મુદત માટે તે કામદારને પુરી અથવા આંશિક અશકતતા નીપજે નહીં એવી કોઈ ઈજા અંગે.

(બી) (૧) અકસ્માત થતી વખતે તે કામદાર દારૂના અથવા કેફી પદાર્થના નશામાં હોવાને કારણે અથવા

(૨) કામદારોની સલામતી જાળવવા માટે સ્પષ્ટ રીતે આપેલ હુકમના અથવા સ્પષ્ટ રીતે કરેલા નિયમોનો કામદારે જાણી બુઝીને કરેલા અનાદરને કારણે અથવા

(૩) કામદારોની સલામતી જાળવવા માટે જેની જોગવાઈ કરવામાં આવી હોવાનો પોતે જાણતો હોય ને સેફટી ગાર્ડ અથવા બીજુ સાધન, કામદારે જાણી બુઝીને દુર કર્યુ હોવાને લીધે અથવા તેના પ્રત્યે દુર્લક્ષ કર્યુ હોવાને કારણે, સીધી રીતે થયેલા મનાય એવા અકસ્માતથી થયેલી ઈજા હોય (પરંતુ જેનાથી મૃત્યુ નીપજયું ન હોય)અથવા સંપુર્ણ કાયમી અશકતતા થઈ ન હોય એવી કોઈ ઈજા અંગે, માલીક એ રીતે જવાબદાર રહેશે નહીં.

ઉપરોકત કાયદાની જોગવાઈ વંચાણે લેતા કામદાર ધારા અન્વયે જયારે કોઈ કામદારનો ચાલુ ફરજ દરમ્યાન અકસ્માત થાય તો વળતર ચુકવવાની જવાબદારી માલીકની થાય છે તે મુજબ હાથ ઉપરના કેસમાં આ કામના અરજદારોએ અરજીની હકીકતો મૌખિક દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ છે. ગુજરનાર રામભાઈની પોતાની બેદરકારી કે સલામતી જાળવવા માટેના સ્પષ્ટ આપેલા હુકમનો કે નિયમોનો કામદારે જાણીબુજીને અનાદર કરવાના કારણે કે સેફટી માટેના સાધનો જાણી બુજીને દુર કરેલા હોય કે તે પ્રત્યે દુર્લક્ષ સેવેલ હોય કે કેફી પદાર્થનું સેવન કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. આવા સંજોગોમાં અરજદારો વળતર મેળવવા હકકદાર થાય છે. હવે સામાવાળા નં.૧ એ સામાવાળા નં.ર પાસેથી તેઓના ટ્રક નં.જીજે.૧૧.વીવી.૭૭૦૭ નો વીમા પોલીસી નં.૭૮૪૯૨૨૦૨૩૩૪૦૦૦૧૯૩૪, તા.૧૭/૬/૨૦ થી તા.૧૬/૬/૨૧ સુધીનો વીમો લીધેલ હોવાનું જણાઈ આવે છે, જે પોલીસીની નકલ અરજદાર તરફે આંક–૪૮ થી રજુ કરેલ છે. જે જોતા સામાવાળા નં.૧ એ સામાવાળા નં.ર પાસેથી વીમા પોલીસી લીધેલ હોવાનું સ્પષ્ટપણે નિકળી આવે છે. વધુમાં,આ કામે સામાવાળા નં.ર વિમા કંપનીએ તેમની દલીલમાં આ કામના અરજદાર તરફે ટ્રકના ડ્રાઈવર અકસ્માત સમયે વેલીડ અને ઈફેકટીવ લાયસન્સ ધરાવતા ન હોય, વીમા પોલીસીની શરતોનો ભંગ

થતો હોવાથી આ કામના અરજદારો સામાવાળા નં.૨ વિમા કંપની પાસેથી વળતરની કોઈ રકમ મેળવવા હકકદાર બનતા નથી તેમ જણાવેલ છે. જયારે અરજદાર તરફે આંક–૪૦ થી ગુજરનાર રામભાઈનુ ડ્રાઈવીંગ લાયસન્સ રજુ કરેલ છે. આમ હાલના કેસમાં બનાવ સમયે ગુજરનાર રામભાઈ વેલીડ ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા હતા કે કેમ ? કે પોલીસીની શરતોનો ભંગ થયેલ છે કે કેમ ? તેનો ન્યાયનિર્ણય કરવો મહત્વનો છે. વધુમાં એમ.વી. એકટની કલમ–૧૪૬ ની જોગવાઈ મુજબ માલિકે વીમા પોલીસી લેવી જરૂરી છે અને વીમા પોલીસીની જરૂરીયાતની જોગવાઈ કલમ–૧૪૭ માં કરવામાં આવેલ છે. કલમ–૧૪૭ મુજબ માલિકને થનાર નુકસાનીની રકમ ભરપાઈ કરવાની જવાબદારી વીમા કંપની પર રહેલ છે. વધુમાં વીમા કંપની અને વાહનના માલિક વચ્ચે થયેલ કરાર મુજબ વાહનના માલિક વતી નુકસાન વળતર ચૂકવવાની જવાબદારી વીમા કંપની ઉપર રહેલ છે. જો કામદારને વળતર ચૂકવવા માલિક જવાબદાર હોવાનું પુરવાર થાય, તો તેવા કિસ્સામાં વીમા કંપની તે માલિક વતી કામદારને વળતર ચૂકવવા જવાબદાર બને છે, સિવાય કે વીમા કંપની ધ્વારા એવું સાબિત કરવામાં આવે કે, માલિક ધ્વારા વીમાં પોલીસી ની કોઈ શરતનો ભંગ કરવામાં આવેલ હતો. વધુમાં માલિક ધ્વારા વીમા પોલીસીની શરતનો ભંગ કરવામાં આવેલ હતો, તે હકીકત પુરવાર કરવાની જવાબદારી વીમા કંપની ઉપર રહેલ છે. હાલના કામે રેકર્ડ પરની હકીકતો વંચાણે લેતા, અકસ્માત સમયે ગુજરનાર રામભાઈ પાસે વેલીડ અને ઈફેકટીવ ડ્રાઈવીંગ લાયસન્સ ન હતું તે હકીકત પુરવાર કરવા સામાવાળા નં.૨ વીમા કંપની ઉપર રહેલી છે પરંતુ હાલના કામે વીમા કંપની તરફે કોઈપણ પ્રકારનો મૌખિક પુરાવો રજુ કરેલ નથી કે તેઓની હકીકતના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આમ, અરજદાર તરફે રજુ આંક–૪૦ વાળુ ગુજરનાર રામભાઈનુ ડ્રાઈવીંગ લાયસન્સ લક્ષમાં લેતા, બનાવ સમયે ગુજરનાર રામભાઈ વેલીડ અને ઈફેકટીવ ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા હતા તેવુ સ્પષ્ટપણે પુરવાર થાય છે. જેથી સામાવાળા નં.૨ એ તેમની દલીલમાં આ સબંધે લીધેલ તકરાર માનવાપાત્ર નથી. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના તમામ સામાવાળાઓની ગુજરનારના અકસ્માત વળતર ચુકવવાની જવાબદારી થાય છે.

હવે અરજદારો કેટલુ વળતર મેળવવા હકકદાર થાય છે તે અંગે કામદાર વળતર ધારાની જોગવાઈ અનુસાર વળતરની રકમની ગણતરી કરતી વખતે કામદારની ઉંમર, કામદારની અકસ્માત સમયે માસીક પગારની આવક લક્ષમાં લેવાની હોય છે ઉપરોકત અગાઉ કરેલ ચર્ચા મુજબ જયારે અરજદાર નં.૧ ના પતિ અને અરજદાર નં.ર ના પિતા તથા અરજદાર નં.૩ ના પુત્ર સામાવાળા નં.૧ ના કામદાર હોવાનું તેમજ તેમની નોકરીના સમય દરમ્યાન અકસ્માત થતા મરણ ગયેલાની હકીકત પુરવાર થતી હોય, તેથી નીચે મુજબની વિગતે વળતરની ચર્ચા કરવાની થાય છે.

**વળતર અંગેની ચર્ચા :–**

આ કામમાં અરજદારોએ રૂા.૧૫,૮૮,૪૨૫/– વળતર પેટેની માંગણી કરેલ છે. અગાઉ કરેલ ચર્ચા મુજબ ગુજરનારની અકસ્માત વખતેની ઉંમર, માસીક પગાર તથા લાગુ પડતા કાયદા અનુસંધાને કલમ–૪(૧)(સી) મુજબ ગણતરી કરવામાં આવે તો......

**રૂા.૯,૨૬૧/–** માસીક પગાર મુજબ ના **૫૦%** ગણતા રૂા.૪,૬૩૦–૫૦ પૈ. થાય અને તેને ગુજરનારની ઉંમર કે જે ઉપર ચર્ચા કરી મુજબ **૨૮** વર્ષ અવસાન સમયે હતી તે મુજબ તેને લાગુ પડતા શીડયુઅલ–૪ ના રીલેવન્ટ **ફેકટર ૨૧૧.૭૯** સાથે ગુણતા રૂા.૯,૮૦,૬૯૩–૫૯ પૈ. થશે જેને રાઉન્ડ ફીગરમાં ગણતા રૂા.૯,૮૦,૬૯૪/– થાય છે. એ રીતે આ કામના અરજદારો આ કામના સામાવાળાઓ પાસેથી સંયુકત તથા વિભકત રીતે **રૂા.૯,૮૦,૬૯૪/– (અંકે રૂપિયા નવ લાખ એસી હજાર છસો ચોરાણું પુરા)** વળતર પેટે મેળવવા હકકદાર બને છે.

**(૧૮) મુદા નં.૬ :–**

આ કામે મુદા નં.૬ પરત્વે ચર્ચા કરતા અગાઉ વ્યાજ પેનલ્ટી અંગે કામદાર વળતર ધારાની ૧૯૨૩ ની જોગવાઈ જોવામાં આવે તો નીચે મુજબ છે.

કલમ ૪ એ ૩(બી)

૪ એ વળતર આપવાનું થાય ત્યારે તે ચુકવવા બાબત અને કસુર માટે શિક્ષા

(૧).....

(૨).....

(૩) જે તારીખે વળતર ચુકવવાનું થાય તે તારીખથી એક માંસમાં માલિક વળતર ચુકવવામાં નિષ્ફળ જાય, ત્યારે કમિશ્નર(એ) લેણી રકમ ઉપરાંત દર વર્ષે દર સેકન્ડ બાર ટકાના દરે અથવા શિડયુલ બેંક જે દરે સેન્ટ્રલ ગર્વમેન્ટ નોટીફીકેશન થી નિર્દીષ્ટ કરે તે દર થી ધિરાણ કરે તે કરતા વધે નહી તેટલા દરથી સાદુ વ્યાજ માલિકને ચુકવવા હુકમ કરશે અને(બી)કમિશ્નરના મતે ઢીલ થવાનું કોઈ વાજબી કારણ નથી. ત્યારે લેણી થતી રકમ અને તેના પરના વ્યાજ ઉપરાંત માલિકને તેવી રકમના ૫૦% કરતા વધે નહી તેટલી રકમ દંડ તરીકે ચુકવવા હુકમ કરી શકે,

પરંતુ જોગવાઈ એવી કરવામાં આવેલ છે કે કલોઝ(બી) હેઠળનો દંડ ચુકવવાનો હુકમ તે શા માટે ન કરવો? તે અંગે કારણ દર્શાવવાની માલિક ને વાજબી તક આ પ્યા સિવાય કરવામાં આવશે નહી.

સ્પષ્ટીકરણ :-

આ પેટા-કલમના હેતુઓ માટે શિડયુલ બેન્કનો અર્થ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા અધિનિયમ ૧૯૩૪ (સન ૧૯૩૪ નો (૨)) ના બીજા પરિશિષ્ટમાં સમાવેલ બેન્ક.

૩(એ) પેટા-કલમ (૩) હેઠળ ચુકવાપાત્ર વ્યાજ અને દંડની રકમ કામદાર અથવા તેના આશ્રિતોને જે તે કિસ્સા મુજબ ચુકવવામાં આવશે.

હવે વળતરની રકમ કયારે લેણી થાય છે તેની ચર્ચા કરવાની રહે છે તે સંદર્ભે કાયદાની કલમ-૪(એ) જોવામાં આવે તો વળતર એક મહિનાની અંદર ચુકવી દેવું. અન્યથા તે બાકી લેણું બની જાય છે અને વળતર અકસ્માતની તારીખથી લેણું થાય છે. તે સંજોગોમાં અકસ્માતની તારીખથી એક માસની અંદર વળતરની રકમ ચુકવી દેવાની થાય છે.

જો અકસ્માત થયાના એક માસમાં વળતરની રકમ ચુકવવામાં ન આવે તો કલમ-૪(એ) ની પેટા કલમ - ૩ ના કલોઝ (એ) મુજબ કાયદાની જોગવાઈ મુજબ માલીક વળતરની રકમ ઉપર વાર્ષિક ૧૨ % લેખે વ્યાજની રકમ ચુકવવા જવાબદાર

બને છે. વધુમાં **2014 ACJ 467 સાબેરાબીબી યાકુબભાઈ શેખ વિ. નેશનલ ઈન્સ્યુરન્સ કંપની લી. તથા બીજાઓ**ના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે કમીશનરશ્રીએ અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ સાથે વળતર ચુકવવાનો હુકમ કરેલ તે હુકમ નામદાર સુપ્રીમકોર્ટે ગ્રાહય રાખી અરજદાર અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ મેળવવા હકદાર હોવાનુ ઠરાવેલ છે તથા **2012(3) ACC 367 ઓરિએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની વિરુધ્ધ સીબી જયોર્જ**ના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે અકસ્માત તારીખથી અરજદારો વળતરની રકમ ઉપર વ્યાજ મેળવવા હકદાર હોવાનુ ઠરાવેલ છે. તાજેતરમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ૨૦૨૨(૦) એઆઈજેઈએલ એસ.સી. ૬૮૫૧૫ ઉપર પ્રસિધ્ધ થયેલ શોભા વિ. ચેરમેન વિઠ્ઠલરાવ શીંદે સહકારી સાકર કારખાના લી.ના ચુકાદામાં અકસ્માત તારીખથી ૧૨% લેખે વ્યાજ સહીત વળતર મેળવવા હકકદાર થાય છે તેવુ પ્રસ્થાપિત કરેલ છે. વધુમાં હાલનો બનાવ વાહન અકસ્માતનો છે. વધુમાં સામાવાળા નં.૨ સંસ્થાની વીમા પોલીસી મોટર વ્હીકલ એકટ મુજબની વીમા પોલીસી છે. જેથી સામાવાળા નં.૨ પણ વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે આમ ઉપરોકત વિગતો લક્ષમાં લેતા વ્યાજનો હુકમ સામાવાળાઓ સામે કરવાનો થાય છે. આમ, રેકર્ડ પરની સમગ્ર રજુઆત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, અરજદાર અકસ્માત તારીખથી એટલે કે તા.૫/૫/૨૦૨૧ થી વળતરની રકમ વસુલ થતા સુધીના સમયગાળા માટે વળતરની રકમ રૂા.૯,૮૦,૬૯૪/- (અંકે રૂપિયા નવ લાખ એસી હજાર છસો ચોરાણું પુરા)ઉપર **૧૨%** લેખે સાદુ વ્યાજ સામાવાળાઓ પાસેથી વસુલ મેળવવા હકકદાર ઠરે છે. હવે પેનલ્ટી ચુકવવા માટે કોણ જવાબદાર થાય છે તે અંગે ચર્ચા કરીએ તો ઉપરોકત કાયદાની જોગવાઈ વંચાણે લેતા અકસ્માતનો બનાવ બન્યા પછી ૩૦ દિવસમાં વળતરની રકમ ચુકવવાની જવાબદારી માલિકની થાય છે પેનલ્ટી અંગે વીમા કંપનીને જવાબદાર ઠેરવી શકાય નહીં. આમ, પેનલ્ટી અંગે સામાવાળા નં.૨ સામે હુકમ થઈ શકે નહીં. આમ, હાથ ઉપરના કેસમાં માલિક ધ્વારા એટલે કે સામાવાળા નં.૧ તરફથી અકસ્માત તારીખથી ૩૦ દિવસમાં વળતરની રકમ જમા કરાવેલ નથી. વધુમાં

કાયદાકીય જોગવાઈ વળતરની રકમમાં ૫૦% થી વધુ નહી તેવી રકમની પેનલ્ટી ચુકવવા હુકમ કરી શકાય. કામદાર વળતર ધારાની કલમ: ૪(એ) વંચાણે લેતા જો અકસ્માત બાદ દિન–૩૦માં માલીક વળતરની રકમ જમા ન કરાવે તો ૫૦% સુધીની પેનલ્ટી વળતરની રકમ ભરવા માલીક જવાબદાર બની શકે. જે કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા આ કામે સામાવાળા નં.૧ નાએ અકસ્માત બાદ વળતરની રકમ દિન–૩૦માં અત્રેની કોર્ટમાં જમા કરાવેલ નથી. વધુમાં સામાવાળા નં.૧ જાતે કે વકીલ મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહી કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. જેથી હાથ પરના કેસની હકિકતો અકસ્માતની તારીખ, ગુજરનાર કામદારનો કામનો પ્રકાર, કાયદાની જોગવાઈ અને પ્રસ્થાપીત સિધ્ધાંત લક્ષમાં લેતા વળતરની રકમ રૂા.૯,૮૦,૬૯૪/– (અંકે રૂપિયા નવ લાખ એસી હજાર છસો ચોરાણું પુરા) ના **૨૦%** પેનલ્ટીની રકમ **રૂા.૧,૯૬,૧૩૯/– (અંકે રૂપિયા એક લાખ છન્નુ હજાર એકસો ઓગણચાલીસ પુરા)** સામાવાળા નં.૧ એ અરજદારોને ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ આ અદાલતને જણાતુ હોય તે સંજોગોમાં **મુદા નં.૬** પરત્વેનો જવાબ ''**અંશત:હકાર**''માં ઠરાવવામાં આવે છે. વધુમાં હવે જયારે અરજદાર હાલનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ હોઈ, તે સંજોગોમાં ખર્ચ આખરી નિર્ણયને અનુસરે તે સિધ્ધાંત મુજબ તેઓ હાલના કેસની કાર્યવાહીનો ખર્ચ પણ સામાવાળાઓ પાસેથી મેળવવા હકકદાર બને છે. જેથી સામાવાળાઓ હાલની કાર્યવાહી ખર્ચ પેટે રૂા.૫,૦૦૦/– અરજદારોને ચુકવવાના થાય છે. આમ,ઉપરોકત મુદા નં.૧ થી ૬ માં કરેલ વિગતવાર કરેલ ચર્ચા લક્ષમાં લેતા **મુદા નં.૭** પરત્વે નીચે મુજબની આખરી હુકમ કરવામાં આવે છે.

## **–::આખરી હુકમ::–**

(૧) અરજદારોનો હાલનો વર્કમેન કોમ્પેન્સેશન ફેટલ કેસ નં.૭/૨૦૨૧ આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદારો ગુજરનાર રામભાઈ બાબુભાઈ કરમટાના અકસ્માત મૃત્યું બદલ આ કામના સામાવાળાઓ પાસેથી સંયુકત તથા વિભકત રીતે વળતરની

રકમ **રૂા.૯,૮૦,૬૯૪/- (અંકે રૂપિયા નવ લાખ એસી હજાર છસો ચોરાણું પુરા)** અકસ્માત તા.૫/૫/૨૦૨૧ થી વસુલ થતા સુધી ૧૨% લેખે સાદા વ્યાજ સહીત વસુલ મેળવવા હકકદાર બનતા હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૩)** આ કામના અરજદારો આ કામના સામાવાળા નં.૧ માલીક સેજાદભાઈ અહમદભાઈ ઈસબાની પાસેથી વળતરની રકમ રૂા.૯,૮૦,૬૯૪/- (અંકે રૂપિયા નવ લાખ એસી હજાર છસો ચોરાણું પુરા) ના **૨૦%** લેખે પેનલ્ટીની રકમ **રૂા.૧,૯૬,૧૩૯/- (અંકે રૂપિયા એક લાખ છન્નુ હજાર એકસો ઓગણચાલીસ પુરા)**વસુલ મેળવવા હકકદાર બનતા હોવાનુ ઠરાવવામાં આવે છે.

**(૪)** વધુમાં અરજી ખર્ચની રૂા.૫,૦૦૦/- સામાવાળાઓએ અલગથી અરજદારોને ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**(૫)** આ કામના સામાવાળાઓએ ઉપરોકત હુકમ મુજબ વળતર, વ્યાજ, પેનલ્ટી તથા અરજીના ખર્ચ વગેરેની તમામ રકમ હુકમની જાણ થયે દિન.૩૦ માં અત્રેની કચેરીમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧લી, માહે: નવેમ્બર, સને: ૨૦૨૨ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ.
તા.૦૧/૧૧/૨૦૨૨

**(નાગદાનભાઈ કે. ડાભી)**
કમિશ્નર ફોર વર્કમેન કોમ્પેન્શેશન એકટ
એન્ડ જજ (સી.ડી.) લેબર કોર્ટ,
જુનાગઢ. (જીજે.૦૧૦૩૦)